<u>અનુસૂચિત જાતિના ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયોના કર્મચારીઓના વેતનમાં વધારો કરવા બાબત</u>

# ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ છતલ/૧૦૨૦૨૧/૫૧૯૫૯૫/નબા-૦૮/ક

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ૦૮/૦૪/૨૦૨૨

## વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૪/૦૩/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: છતલ-૧૦૧૬-૭૦૦૭૦-ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૮/૧૦/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/ગ/છતલ/૨૨૫૩-૫૪/૨૦૨૧

## આમુખ :-

વંચાણે લીધા ક્રમાંક: (૧) પરના વિભાગના તા.૦૪/૦૩/૨૦૧૭ના ઠરાવથી અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળના વિદ્યાર્થીઓ માટે સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોના કર્મચારીઓના ઉચ્ચક વેતનમાં વધારો કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક: (૨) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા. ૧૮/૧૦/૨૦૨૧ના પત્રથી સદરહુ વેતનમાં વધારો કરવાની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ :-

પુખ્ત વિચારણાના અંતે અનુસૂચિત જાતિના ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયોના કર્મચારીઓના વેતનમાં નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબનો વધારો કરવા બાબતની વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં સામેલ રૂ.૫૩૭.૩૦ લાખની ચાલુ બાબતને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | કર્મચારીનો હોદ્દો અને લાયકાત | હાલના ઉચ્ચક વેતનદર (તા.૦૪/૦૩/૧૭ થી અમલમાં) માસિક રૂા. | સુધારેલ ઉચ્ચક વેતનદર માસિક રૂા. |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | નોન એસ.એસ.સી. ગૃહપતિ/ગૃહમાતા | ૫૫૦૦/- | ૯,૦૦૦/- |
| ૨ | એસ.એસ.સી.પાસ ગૃહપતિ/ગૃહમાતા | ૫૫૦૦/- | |
| ૩ | એસ.એસ.સી. પાસ અને પી.ટી.સી. અથવા એસ.એસ.સી. પાસ અને છાત્રાલયના ગૃહપતિ તરીકે પાંચ વર્ષનો અનુભવ | ૫૫૦૦/- | |
| ૪ | સ્નાતક ગૃહપતિ | ૬૫૦૦/- | ૧૦,૦૦૦/- |
| ૫ | સ્નાતક અને ગૃહપતિ તરીકેનો પાંચ વર્ષનો અનુભવ અથવા ટ્રેઇન્ડ સ્નાતક | ૬૫૦૦/- | ૧૦,૦૦૦/- |
| ૬ | મુખ્ય રસોયા | ૩૫૦૦/- | ૬,૦૦૦/- |
| ૭ | મદદનીશ રસોયા | ૩૦૦૦/- | ૫,૦૦૦/- |
| ૮ | ચોકીદાર | ૩૦૦૦/- | ૫,૦૦૦/- |

**<u>શરતો:-</u>**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષોમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના અંતર્ગત કર્મચારીઓના વેતનનો વધારો તા.૦૧/૦૪/૨૦૨૨ થી લાગુ પડશે. જે અન્વયે મે માસમાં જે એપ્રિલ માસના પગારનું ચૂકવણું કરવામાં આવે છે તે પગારમાં પ્રથમ વખત આ વધારો આપવાનો રહેશે.

(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) આ યોજનાને C.M.Dash Board સાથે Link કરવાની રહેશે.

(૧૦) સોશિયો ઈકોનોમિક ઈમ્પેક્ટ ઈવેલ્યુએશન/એસેસમેન્ટ કરવાનું રહેશે.

(૧૧) યોજનામાં લાભાર્થીને આપવામાં લાભ માટે DBT પદ્ધતિ અનુસરવાની રહેશે.

૨. સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયના કર્મચારીઓના ઉપર મુજબ સુધારેલ વેતન દર મંજુર કરવામાં આવે છે અને તે વેતનના ૯૦ ટકા પ્રમાણે ગ્રાન્ટ ચુકવવાનું ઠરાવવામાં આવે છે.

૩. સરકારશ્રીના શિક્ષણ અને મજૂર વિભાગના તા.૨૨/૦૫/૧૯૬૯ના ઠરાવ ક્ર:બીસીએચ/૧૦૬૭/૩૭૦૮(૬૯)/જ હેઠળ સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયના નિયમો નક્કી કરવામાં આવ્યા છે. ત્યારબાદ તા.૦૮/૧૦/૮૭ના ઠરાવ ક્ર.: પવછ/૧૫૮૬/મ-૩૦૭(૧)/ગ અને અન્ય ઠરાવોથી સમયાંતરે આ નિયમોમાં સરકારશ્રીએ સુધારા વધારા પણ કરેલા છે. આ તમામ નિયમોને ધ્યાનમાં રાખી સુધારેલ દરે વેતન માટે ગ્રાન્ટ ચુકવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૫, મુખ્ય સદર: ૨૨૨૫, પેટા મુખ્ય સદર: ૦૧, ગૌણ સદર: ૨૭૭, પેટા સદર: ૧૨ SCW-૦૭ હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૪/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

Bhumika

( ડૉ. ભૂમિકા એચ. પટેલ )<br>
સેક્શન અધિકારી<br>
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:-**

- માન. મંત્રીશ્રી (સા. ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર

- અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા. અને અધિ. વિભાગના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,(નિયામકશ્રી મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (અ.જા), (નિયામકશ્રી (અ.જા), મારફત)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યાય અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતીસહ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૨.